# મારિયા શાંતિદૂત કરતાં શાણી રમત રમનારાં રાજકીય આગેવાન વધુ લાગે છે?




પગરવ

★ પ્રશસ્ત પંડ્યા

નોબલ શાંતિ પુરસ્કારનું સન્માન આ વર્ષે વેનેઝુએલાનાં 58 વર્ષીય મારિયા કોરિના મચાડો (Maria Corina Machado)ને મળ્યું છે. દર વર્ષે નોબલ શાંતિ પુરસ્કાર સન્માન અર્થે વિશ્વભરના શાંતિદૂતોમાંથી એક નામની પસંદગી થાય છે. આ પસંદગી કરવામાં મહત્ત્વનો ભાગ 'નોર્વેયિઅન નોબલ સમિતિ'નો હોય છે. આ સમિતિનું ગઠન નોર્વેયિઅન સંસદ દ્વારા થાય છે. સસંદ પાંચ સભ્યોને તેમાં પસંદ કરે છે. આશ્ચર્ય થાય પણ આ પાંચ નોબલ સમિતિના હાલના અધ્યક્ષ 40 વર્ષીય જોર્ગન વાત્ને ફ્રીડનેસ[Jrgen Watne Frydnes] છે. તેમની ખ્યાતિ પામેલી ઓળખ માનવ અધિકાર અર્થે લડનારા વકીલ તરીકેની છે. નોર્વેના પાસે આવેલા એક ઉટોયા નામના ટાપુ પર થયેલાં આંતકવાદી હૂમલા બાદ જોર્ગન વાત્ને ફ્રીડનેસ દ્વારા ત્યાં રાહતકાર્ય થયું હતું; જેના કારણે તેમની ખ્યાતિ નોર્વેમાં અદ્વિતિય છે. નોર્વેયિઅન સમિતિ દ્વારા દર વર્ષે અપાતાં શાંતિ પુરસ્કાર બાદ જે વ્યક્તિને નોબલ શાંતિ સન્માન મળ્યું હોય તેના નામની ચર્ચા થાય છે, તેનું કાર્ય અને વિચાર વિશે જાણવા જગતભરમાં ઉત્સુકતા હોય છે. આ વખતે મારિયા કોરિના મચાડોનું નામ આવ્યું ત્યારે પણ તેમને શાંતિ પુરસ્કાર કેમ મળ્યો? તે વિશે ન્યૂઝ બન્યા હતા. મારિયા કોરિના વિશે જે પ્રાથમિક વિગતો મળે છે તેમાં તેમની ઓળખ રાજકીય આગેવાન અને એક્ટિવિસ્ટ તરીકેની છે.

થોડાં વધુ વિગતોમાં જઈએ તો તેમનું શિક્ષણ ઈન્ડસ્ટ્રીઅલ એન્જિનિયરીંગનું રહ્યું છે અને તેમણે ફાઈનાન્સમાં માસ્ટર ડિગ્રી મેળવી છે. અને 2024માં તેઓ વેનેઝુએલાના પ્રેસિડેન્શિયલ ઇલેક્શનના ઉમેદવાર તરીકે ઊભા રહ્યાં હતાં. જોકે તે પછી વેનેઝુએલાની સરકારે તેમને ચૂંટણીથી દૂર રાખ્યાં હતાં અને તેમનાં સ્થાને બીજા ઉમેદવાર આવ્યાં હતાં. મારિયા ચૂંટણીમાં ભાગ ન લઈ શક્યાં અને વેનેઝુએલાની ચૂંટણીમાં અન્ય પણ ઘાલમેલ થતી હતી. લોકોનો વિરોધ પણ આ બાબતે હતો, તેથી મારિયા અને તેના અન્ય સાથીઓએ મળીને 'સુમેટે'(Smate) નામની એક સંસ્થા સ્થાપી. આ સંસ્થા જે કાર્ય કરે છે તેનું વજૂદ ભારતમાં પણ જોઈ શકીએ છીએ. ભારતમાં આ રીતે ચૂંટણી સંદર્ભે લોકોને જાગ્રત કરવાનું કાર્ય 'એસોસિએશન ફોર ડેમોક્રેટીક રિફોર્મ્સ' દ્વારા થાય છે. એ પ્રમાણે થોડું વધારે આક્રમક કાર્ય 'સુમેટે' દ્વારા થાય છે. વેનેઝુએલામાં ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક કરવાનું કામ 'સુમેટે' કરે છે. આ સંસ્થાએ અનેક વખત વેનેઝુએલામાં સરકારની વોટ ચોરી પકડી પાડી તેમ છતાં સરકાર દ્વારા યેનકેન પ્રકારે સત્તા પર ટકી રહી. તેની સામે વિશ્વના ન્યાયી અને નિસબત ધરાવાતા આગેવાનોએ અવાજ ઉઠાવ્યો, તેમ છતાં કોઈ પણ રીતે વેનેઝુએલામાં સત્તા પરથી હ્યુગો ચાવેઝ(Hugo Chvez) જેવાં આગેવાનોને હટાવી શકાયા નહીં. આની લડતમાં મારિયા સતત અગ્રેસર રહ્યાં હતાં. તેમની સામે જાનનું જોખમ ઊભું થયું. દક્ષિણ અમેરિકાના આ દેશમાં અગાઉ પણ એવી ઘટનાઓ બની હતી, જે કારણે વિરોધી પક્ષે ચેતીને રહેવું પડે. આ લડત ખાસ્સી લાંબી ચાલી તેમ છતાં મારિયાનો જુસ્સો ટકી રહ્યો અને તેઓ સતત સરકારને પડકાર આપતાં રહ્યાં. આ કારણે જગવિખ્યાત મીડિયા હાઉસ 'BBC' અને 'ટાઈમ' મેગેઝિન દ્વારા વિશ્વના સો સૌથી ઈન્ફ્લુએન્શલ વ્યક્તિઓમાં તેમને સામેલ કરવામાં આવ્યાં હતાં.



મારિયા કોરિના મચાડોની આટલી ઓળખ આપીએ ત્યારે એવું લાગે કે તેઓ નોબલ શાંતિ સન્માન મેળવનારાં સૌથી યોગ્ય ઉમેદવાર છે. પરંતુ તેમને સન્માન મળ્યું અને પહેલું-વહેલું ટ્વિટ કર્યું ત્યારે તેમનાં વિશે સૌને શંકા જવા લાગી. આ ટ્વિટમાં મારિયાએ નોબલ શાંતિ સન્માન ડોનાલ્ડ ટ્રમ્પને સમર્પિત કર્યો. મારિયાએ ટ્વિટમાં એવું પણ લખ્યું કે, વેનેઝુએલાના લોકોની પીડા અર્થે ડોનાલ્ડ ટ્રમ્પ સતત અમારી સાથે રહ્યા. હવે સવાલ એ થાય છે કે અમેરિકા અને વિશ્વનો એક મોટો વર્ગ ડોનાલ્ડ ટ્રમ્પની આપખુદશાહીથી ત્રસ્ત છે, ત્યારે શાંતિ સન્માન મેળવનારાં મારિયાએ આવું કેમ કર્યું? તેનું એક કારણ અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે ચાલી આવતો દ્વંદ્વ છે. આ દ્વંદ્વમાં અમેરિકા હંમેશા વેનેઝુએલાના વિરોધ પક્ષને મદદ કરતું આવ્યું છે. હાલમાં વેનેઝુએલામાં પ્રેસિડન્ટ તરીકે નિકોલસ મડુરો(Nicols Maduro) છે અને તેઓ આપખુદશાહી માટે જાણીતા છે. આ વર્તમાન પ્રેસિડન્ટ સામે મારિયા તો અવાજ ઊઠાવતાં જ હતાં અને તેમની માંગણી હતી કે કોઈ પણ રીતે વેનેઝુએલામાં લોકશાહી સ્થાપિત થાય. લોકશાહી સ્થાપવા માટે મારિયાએ અમેરિકાને હાંક નાંખી અને ડોનાલ્ડ ટ્રમ્પ હવે વેનેઝુએલાના વિરોધ પક્ષને મદદ કરવા માટે એક ડગ આગળ વધીને સૈન્ય કાર્યવાહીનો વિકલ્પ ખોલ્યો છે. આ પૂરું ચક્ર જોઈએ તો એવું સ્થાપિત થાય કે મારિયા કોરિના તો સૈન્ય કાર્યવાહીને સપોર્ટ કરી રહ્યાં છે. એક તરફ પોતાના દેશમાં લોકશાહી સ્થાપવા માટે મરણિયા થવું અને બીજી તરફ તે માટે સૈન્ય કાર્યવાહી કરવા માટે અમેરિકા જેવા દેશનું સમર્થન કરવું. મારિયાનું આ વલણ યોગ્ય નથી અને તેથી તેમની ટીકા થઈ રહી છે.

મારિયાનું વલણ પોતાના દેશના નાગરિકો પ્રત્યે ઉદાર છે પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે તેમનું વલણ વિવાદિત રહ્યું છે. ઇઝરાયલ પર જ્યારે હમાસ દ્વારા હુમલો થયો અને ઇઝરાયલના નાગરિકો માર્યા ગયા ત્યારે મારિયાએ પોતાનું સમર્થન ઇઝરાયલ તરફી દાખવ્યું હતું. તે સમયે ઇઝરાયલ પીડિત હતું, પરંતુ ઇઝરાયલે તે પછી જે રીતે કાર્યવાહી કરીને હજારો ગાઝાવાસીઓને મોતને ઘાટ ઉતાર્યા- તે અંગે મારિયાએ ઇઝરાયલની કોઈ ટીકા કરી નથી.

શાંતિની વ્યાખ્યા શું હોઈ શકે તે આપણા દેશ કરતાં વિશ્વમાં ભાગ્યે જ કોઈ સમજી શકે. ગાંધીજીએ અંગ્રેજો સામે જે રીતે અહિંસક લડત લડી હતી તેમાં સાધન-સાધ્ય પ્રત્યે સતત જાગ્રતતા હતી. મારિયા કોરિનાએ તો 2019માં એવું નિવેદન આપ્યું હતું કે, 'વેનેઝુએલાની સ્થિતિને થાળે પાડવા માટેનો વિકલ્પ હવે માત્ર વિદેશી દેશ(મતલબ કે અમેરિકા)ની દખલગીરી જ છે.' અહીં જે આકલન કર્યું છે તે કેટલુંક યૂટ્યુબ ચેનલ 'દેશભક્ત'માંથી લીધું છે. તે પ્લેટફોર્મ પરના આકાશ બેનર્જી તો એટલે સુધી કહે છે કે 'મારિયા શાંતિદૂત કરતાં શાણી રમત રમનારાં રાજકીય આગેવાન વધુ લાગે છે અને જો તમે રાજકીય આગેવાન છો તો તમે શાંતિ સન્માનનાં હકદાર બનતા નથી.'

નોબલ શાંતિ સન્માન આજે પણ પ્રતિષ્ઠિત સન્માન તરીકે ગણના પામે છે. પરંતુ તેના નામે અનેક વિવાદો છે. જેમ કે, 2009ના વર્ષમાં નોબલ

**મારિયાનું વલણ પોતાના દેશના નાગરિકો પ્રત્યે ઉદાર છે પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે તેમનું વલણ વિવાદિત રહ્યું છે. ઇઝરાયલ પર જ્યારે હમાસ દ્વારા હુમલો થયો અને ઇઝરાયલના નાગરિકો માર્યા ગયા ત્યારે મારિયાએ પોતાનું સમર્થન ઇઝરાયલ તરફી દાખવ્યું હતું**

શાંતિ સન્માન અમેરિકાના તત્કાલિન પ્રેસિડન્ટ બરાક ઓબામાને મળ્યું હતું. આ સન્માન મળ્યું ત્યારે ખુદ બરાક ઓબામાને આશ્ચર્ય થયું હતું, કારણ કે તેઓ સત્તા પર આવ્યાના દસ મહિના બાદ જ તેમને આ સન્માન મળ્યું હતું. એ રીતે અમેરિકાના છવ્વીસમાં પ્રેસિડન્ટ થિયોડોર રુઝવેલ્ટને પણ શાંતિ સન્માન મળ્યું તે પછીનાં થોડા વર્ષો પછી વિવાદ ઊભો થયો હતો. રુઝવેલ્ટને શાંતિ સન્માન મળવા માટે તેમનો રશિયા-જાપાન વચ્ચેના યુદ્ધનો અંત આણવા માટે મહત્ત્વની ભૂમિકા રહી, પણ બીજી તરફ તેમનાં નિવૃત્તિકાળ પછીના સમયને પણ ધ્યાને લેવો જોઈએ. તેમણે આફ્રિકાના જંગલોમાં હજારો પ્રાણીઓના શિકાર કર્યા. રુઝવેલ્ટે પોતાના શિકારના શોખમાં નામશેષ થઈ રહેલાં પ્રાણીઓ પણ બક્ષ્યાં નહોતાં.

હેનરી કિસિંગર ભારતના કટ્ટર વિરોધી હતા. અને તેમનું પછીનું વલણ જરા પણ શાંતિદૂતને શોભે એવું રહ્યું નહોતું.

અમેરિકાને ફૂટ નીતિથી રાજદ્વારી લાભ થાય તે તેમના કેન્દ્રસ્થાને હતું. હેનરી કિસિંગરે ઇરાક યુદ્ધ દરમિયાન તત્કાલીન પ્રેસિડન્ટ બુશ સાથે મળીને વ્યૂહરચના ગોઠવતા હતા. ઇરાક પરના હુમલાને હેનરીએ મૂકસંમતિ આપી હતી. ઇરાક યુદ્ધ વિશે જ્યારે તેમને પૂછવામાં આવ્યું ત્યારે તેમનો જવાબ હતો કે, 'બળવાખોરો પર વિજય મેળવવો એ યુદ્ધમાંથી નીકળવાની એકમાત્ર ચાવી છે.'

ઇતિહાસમાં જઈએ ત્યારે નોબલ શાંતિ પુરસ્કાર મેળવનારાં કેટલાંક ખૂબ ઉમદા વ્યક્તિનાં નામ મળે છે, જેમણે ખરેખર વિશ્વશાંતિ માટે કાર્ય કર્યું હોય; પણ આ યાદીમાં થિયોડર રુઝવેલ્ટ અને હેનરી કિસિંગર જેવાં નામો પણ છે.

જેઓનું સર્વાંગી જીવન જોઈએ તો તેમને શાંતિદૂત કહી શકાય નહીં. આ વખતે શાંતિદૂત તરીકે જાહેર થયેલાં મારિયા કોરિના મચાડો અંગે સૌ કોઈ ખુશી દાખવતાં નથી.